BANASKANTHA DISTRICT KELAVANI MANDAL E-86 B.K. 12-12-61 PALANPUR

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ
સંચાલિત
જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ, પાલનપુર
જી.ડી. મોદી વિદ્યા સંકુલ, એસ.ટી. વર્કશોપની સામે, હાઈવે, પાલનપુર.- ૩૮૫૦૦૧, જિ.:બનાસકાંઠા.

G. D. Modi College of Arts Palanpur B.K.

## હેડ કલાર્ક ભાગ-૧ MCQ પરીક્ષા માટે ઉમેદવારો માટે અગત્યની સુચના

### પરીક્ષા તા: ૩૦/૧૧/૨૦૨૫

(1) ઉમેદવારે કોલેજ કેમ્પસમાં પ્રવેશ મેળવવા માટે પોતાનો કોલ-લેટર અને પ્રવેશપત્ર (નિયત જગ્યાએ પોતાનો તાજેતરના ફોટા લગાવવા) સાથે લાવવું ફરજિયાત છે. પ્રવેશપત્રનો નમૂનો વેબસાઈટ: www.bkdkm.org ઉપરથી ડાઉનલોડ કરી લેવાનો રહેશે.

(2) આપેલ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. જેનો ઉત્તરપત્રમાં જવાબ લખવાનો સમય ૯૦ મિનિટનો રહેશે.

(3) પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A,B,C,D,E પૈકી કોઈ એક છે.

(4) ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે OMR ઉત્તરપત્રકમાં વિકલ્પ E આપેલ છે.

(5) ઉમેદવાર એ બધા જ પ્રશ્નોનાં ઉત્તર આપવા ફરજિયાત છે.

(6) પ્રત્યેક સાચા જવાબ દીઠ ૧(એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- ❖ જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ(E) ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહીં.
- ❖ જવાબચાવી (Answer Key) ફાઈનલ કરતી વખતે જો કોલેજ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (૧) ગુણ મળવાપાત્ર થશે.

(7) ઉમેદવાર વાદળી/કાળી બોલ પોઈન્ટર પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહી.

(8) પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય, કાપલી, મોબાઈલફોન, પેજર, કેલ્ક્યુલેટર, બ્લુટૂથ,સ્માર્ટવોચ કે અન્ય વિજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

(10) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.

(11) પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભે સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(12) ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સુચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

(13) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર ક્રમ હાજરીપત્રકમાં તાજેતરનો પોતાનો ફોટો ચોટાડી સાથે ફરજિયાત લાવવાનો રહેશે અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

(14) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક ઓળખપત્રની ઓરિજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.

(15) નિર્ધારિત પરીક્ષા સમય કરતા ૦૧-કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેંદ્ર ખાતે હાજર થવાનું રહેશે.

(16) આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઈલ,કેલ્ક્યુલેટર, પેનડ્રાઈવ, સી.ડી. વગેરે જેવા કોઈ પણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

(17) પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી.

(18) ઉમેદવારે પરિક્ષાખંડમાં મોબાઈલ લાવવાનો રહેશે નહી.

(19) ચેતવણી: સંસ્થા દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યકિત દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

(20) વિશેષ સુચના :- ઉમેદવારોને લાંચ રૂશ્વત/ લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે.

(21) પરીક્ષાનું માળખું, તારીખ અને સમય તથા અન્ય સુચનાઓ કોલેજની વેબસાઈટ www.bkdkm.org પર મૂકવામાં આવશે.

(22) લાયક પ્રથમ ૦૭-ઉમેદવારોને કોલ લેટર ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

22 NOV 2025

કાર્યકારી આચાર્ય
જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ
પાલનપુર-૩૮૫૦૦૧

Secretary
Managing Committee
Banaskantha District Kelavani Mandal
Palanpur - 385001.